**આજનો સુવિચાર**

વિચારો કરવાથી નહી પરંતુ પરિશ્રમ કરવાથી સફળતા મળે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૬૦ જૂનાગઢ તા. ૧૦-૧૦-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ભારતીયોનું માનસિક સ્વાસ્થ્ય અત્યંત ખરાબ : WHO

નવી દિલ્હી તા. ૧૦: ભારત માટે WHO દાવો કરે છે કે સરેરાશ ૧૦ હજાર લોકોના જીવનમાંથી ૨,૪૪૩ લોકોનું જીવન માનસિક સમસ્યાઓ સામે લડવામાં પસાર થાય છે. કેટલાક માટે, આ સમયગાળો થોડા અઠવાડિયાનો છે, જયારે અન્ય લોકો તેમની સાથે મહિનાઓ અને વર્ષોથી જીવે છે. ઈન્ડિયન જર્નલ ઓફ સાઈકિયાટ્રીના આંકડા દર્શાવે છે કે દેશમાં દર ૪ લાખ નાગરિકોએ સરેરાશ માત્ર ૩ મનોચિકિત્સકો છે, જયારે દર ૪ લાખે ૧૨ મનોચિકિત્સકો હોવા જોઈએ, જેનો અર્થ છે કે આ અછત ચાર ગણી છે. જેના કારણે ભારતનાં લોકોનું માનસિક સ્વાસ્થ્ય અત્યંત ખરાબ થઈ રહ્યું છે.

## કેદારનાથ ધામમાં બરફનો પહાડ તુટી પડવાની ઘટનાથી ભય

કેદારનાથ તા. ૧૦

કેદારનાથ ધામ ઉપર બરફનો વંટોળ આવ્યો હતો ચારેબાજુ ભય ફેલાઈ ગયો હતો. અહીં હિમાલયમાં જ્યારે બરફનો પહાડ તૂટી પડ્યો ત્યારે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જયારે ટેકરીઓ વચ્ચે ધસી પડતા સફેદ બરફની આફત જોવા મળી, ત્યારે લોકો બીજીવાર આવી અપ્રિય ઘટના બનશે તેવા ભયથી ધ્રૂજવા લાગ્યા છે. કેદારધામમાં ૨૦૧૩ જેવીતબાહીનો અવાજ સંભળાઈ રહ્યો છે ? શું કેદાર ઘાટી ઉપર કુદરતનો પ્રકોપ તૂટી પડશે ? કેદારનાથની ઉપર હિમાલયમાં બરફના પહાડો વારંવાર તૂટવાના કારણે આ ભય ઉભો થયો છે અને એક મહિનામાં ત્રીજી વખત આવું બન્યું છે. જ્યારે કેદારનાથ ધામ ઉપર બરફના વંટોળ આવ્યા તો ચારેબાજુ ભય ફેલાઈ ગયો છે. અહીં હિમાલયમાં જ્યારે બરફનો પહાડ તૂટી પડ્યો ત્યારે લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

## નાણામંત્રી સીતારામને ચેન્નઈની બજારમાં જઈ શાકભાજીની ખરીદી કરી

ચેન્નાઈ તા. ૧૦

કેન્દ્રીય નાણાંપ્રધાન નિર્મલા સીતારામન ચેન્નાઈ શહેરની એક દિવસની મુલાકાતે ગયાં હતાં. એ દરમ્યાન એમણે એક બજારમાં જઈને શાકભાજી ખરીદ્યાં હતાં. એનો વીડિયો ઈન્ટરનેટ ઉપર વાઈરલ થયો છે અને નેટયૂઝર્સ તરફથી આ વિશે મિશ્ર પ્રત્યાઘાતો આવ્યાં છે. વીડિયોમાં સીતારામન બટેટાં ખરીદતાં દેખાય છે અને શાકભાજી વેચનારાઓ સાથે વાતચીત પણ કરે છે. કેટલાંક નેટયૂઝર્સે સીતારામનની પ્રશંસા કરી છે તો કેટલાંકે ટીકા. ઉલ્લેખનીય છે કે હાલ દેશમાં મોંઘવારી હદ વટાવી ગઈ છે. શાકભાજી અત્યંત મોંઘાં થઈ ગયાં છે.

## સમાચાર રાઉન્ડ અપ

- ગતરાત્રે વલસાડ નજીક ડુંગરી રેલ્વે સ્ટેશને ટ્રેનની હડફેટે ૨૪ ગૌવંશનાં ઘટના સ્થળે જ મોત
- વૈશ્વિક અર્થતંત્રમાં ૮૬ ટકા CEO એ મંદીની દહેશત વ્યકત કરી
- મુંબઈ શેરબજારમાં ૮૦૦ પોઈન્ટનો કડાકો
- નાઈઝીરીયામાં બોટ પલ્ટી જતાં ૭૬નાં મોત
- પોરબંદરમાં આજે સાંજે ગુજરાત યુવક કોંગ્રેસની પરીવર્તન યાત્રાનું આગમન : અશોક ગેહલોત ઉપસ્થિત રહેશે.

# સમાજવાદી પાર્ટીનાં સ્થાપક સુપ્રિમો મુલાયમસિંહ યાદવનું નિધન

નવી દિલ્હી તા. ૧૦

સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમ સિંહ યાદવનું નિધન થયું છે. ૮૨ વર્ષના મુલાયમ સિંહ ઈન્ફેક્શનને કારણે ૨૬ સપ્ટેમ્બરથી ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ હતા. ૨ ઓક્ટોબરે ઓક્સિજન લેવલ ઘટતાં તેમને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મુલાયમ સિંહ યાદવના પાર્થિવ દેહને તેમના વતન યુપીમાં સેફઈ લઈ જવામાં આવશે. આવતીકાલે બપોરે ૩ વાગે તેમના અંતિમ સંસ્કાર કરાશે.

મેદાંતા હોસ્પીટલનાં પીઆરઓએ જણાવ્યું હતું કે મુલાયમ સિંહને યુરિનમાં ઈન્ફેક્શનની સાથે બ્લડપ્રેશરની સમસ્યા પણ વધી ગઈ હતી. સ્થિતિમાં સુધારો નહી થતાં ડોકટરોએ તેમને વેન્ટિલેટર ઉપર ખસેડ્યા હતા.

અખિલેશ યાદવે સમાજવાદી પાર્ટીના ટ્વિટર હેન્ડલ ઉપર મુલાયમસિંહના નિધનની જાણકારી આપી હતી. મુલાયમસિંહના અંતિમ સંસ્કાર મંગળવારે સેફઈમાં કરવામાં આવશે. મુલાયમના નિધન ઉપર યુપીમાં ૩ દિવસનો રાજ્યકીય શોક રહેશે.

૨૨ નવેમ્બર ૧૯૩૯ના રોજ સેફઈમાં જન્મેલા મુલાયમ સિંહ યાદવનું શિક્ષણ ઈટાવા, ફતેહાબાદ અને આગ્રામાં થયું હતું. મુલાયમ સિંહ યાદવ થોડા દિવસો માટે મેનપુરીના કરહલમાં જૈન ઈન્ટર કોલેજમાં પ્રોફેસર પણ રહ્યા હતા. પાંચભાઈ-બહેનોમાં બીજા નંબરના મુલાયમ સિંહે બે લગ્ન કર્યા હતા. તેમનાં પ્રથમ પત્ની માલતી દેવીનું નિધન મે ૨૦૦૩માં થયું હતું. અખિલેશયાદવ મુલાયમની પહેલી પત્નીના પુત્ર છે. રાજનેતાઓથી લઈને સામાન્ય લોકોએ તેમના નિધન ઉપર શોક વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટર ઉપર મુલાયમ સિંહ યાદવને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમની સાથેની પોતાની ઘણી તસવીરો પોસ્ટ કરી લખ્યું કે, મુલાયમ જમીન સાથે જોડાયેલા નેતા હતા, જેઓ લોકોની મુશ્કેલીઓને સમજતા હતા. તેમણે પોતાનું જીવન લોકનાયક જયપ્રકાશ અને ડો. લોહિયાના વિચારોને સમર્પિત કરી દીધું. તેઓ ઈમરજન્સી દરમ્યાન લોકશાહીના મહત્વપૂર્ણ સૈનિક હતા. સંરક્ષણ પ્રધાન તરીકે તેમણે મજબૂત ભારત માટે કામ કર્યું હતુ.

## આજે સાંજે જામનગરમાં વડાપ્રધાન મોદીની જંગી જાહેર સભા : રોડ-શો પણ યોજાશે

(જામનગર બ્યુરો)

જામનગર તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે જામનગરમાં વિશાળ જનસભાને સંબોધન કરી રૂા. ૧૪૬૨ કરોડના વિકાસકામોનું ખાતમુર્હુત અને લોકાપર્ણ કરશે. એરફોર્સ (એરપોર્ટ)થી સભાસ્થળ સુધી મોટર માર્ગે પહોંચતા દરમ્યાન વડાપ્રધાન રોડ-શો રૂપે લોકોનું સ્વાગત-અભિવાદન ઝીલશે. આ રૂટ ઉપર એક ડઝન સ્થળે નૃત્ય અને સુત્રોચ્ચાર, બેન્ડવાઝાથી સ્વાગત કરવા સ્ટેજ ઉભા કરાયા છે. વડાપ્રધાનના આગમન પૂર્વે સમગ્ર શહેર સુરક્ષા છાવણીમાં ફેરવાઈ ગયું છે. કોઈ વિરોધી મોદી સુધી પહોંચી ન શકે તે માટે વિપક્ષના નેતાઓની ગતરાત્રીથી જ અટકાયત અને નજરકેદ કરવાની શરૂઆત પણ કરી દેવાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે પાંચ વાગ્યે જામનગર એરફોર્સ સ્ટેશને વાયુસેનાના ખાસ વિમાનમાં આવી પહોંચશે. તેઓનું એરબેઝ ખાતે લીમીટેડ આગેવાનો-ઉચ્ચ અધિકારીઓ સ્વાગત કરશે. બાદમાં તેઓ મોટર માર્ગે એરપોર્ટથી સાત રસ્તા સર્કલ નજીકના પ્રદર્શન મેદાન ખાતેના સભાસ્થળે રોડ-શો રૂપે પહોંચશે. આ રૂટને ધજા-પતાકા, કેશરી કમળના ઝંડા, હોર્ડિંગ ઉપરાંત રોશનીથી શણગારવામાં આવ્યો છે.

## લખનૌમાં પણ બૌધ્ધ સંમેલનમાં વિવાદ : હજારો લોકોએ શપથ લીધા - "હું બ્રહ્મા, વિષ્ણુ, મહેશને ભગવાન માનીશ નહી"

લખનૌ તા. ૧૦:

ગત તા. ૫ ઓક્ટોબરે દિલ્હીમાં બૌદ્ધ દીક્ષા કાર્યક્રમમાં વિવાદાસ્પદ શપથ ગ્રહણ સમારોહનો વિવાદ હજુ અટક્યો નથી ત્યાં ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં પણ આવો જ કાર્યક્રમ થયો હતો. લખનૌના સ્મૃતિ ઉપવનમાં સેંકડો લોકોએ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી હતી. લખનૌમાં રાષ્ટ્રીય બૌદ્ધ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં સેંકડો લોકોને બૌદ્ધધર્મમાં દીક્ષા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફરી એકવાર બાબાસાહેબ આંબેડકરની ૨૨ પ્રતિજ્ઞા લોકોને લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન સુમિત રત્ના ભંતે દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં 'હું ક્યારેય બ્રહ્મા વિષ્ણુ મહેશને ભગવાન માનીશ નહીં, હિંદુ દેવતાઓમાં વિશ્વાસ નહીં કરું, બ્રહ્માના હાથે કોઈ સંસ્કાર નહીં કરાવું' જેવા શપથ લેવડાવવામાં આવ્યા હતા

## કોંગ્રેસ અધ્યક્ષની નિષ્પક્ષ ચૂંટણી અંગે શશી થરૂરે સવાલ ઉઠાવ્યા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૦

કોંગ્રેસ ના પ્રમુખ પદના ઉમેદવાર શશિ થરૂરે કહ્યું કે આ ચૂંટણીમાં મલ્લિકાર્જુન ખડગેને સમર્થન આપવા માટે કેટલાક નેતાઓ ઉપર દબાણ છે. આ તમામ બાબતો મને વિચારવા મજબૂર કરે છે કે શું ખરેખર પ્રમુખ પદની ચૂંટણી નિષ્પક્ષ રીતે યોજાઈ રહી છે. જોકે થરૂરે આ બાબતો માટે ગાંધી પરિવાર, ખાસ કરીને રાહુલ અને સોનિયા ગાંધીને દોષી ઠેરવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું કે ગાંધી પરિવાર આ ચૂંટણીને લઈને પોતાનું વલણ સ્પષ્ટ કરી ચુક્યું છે કે તેઓ પાર્ટીના અધ્યક્ષ પદના સત્તાવાર ઉમેદવાર તરીકે તેમના વતી કોઈને જાહેર કરી રહ્યા નથી અને સંપૂર્ણપણે નિષ્પક્ષ છે.

શશી થરૂરે એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "આ ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી મધુસૂદન મિસ્ત્રીએ પણ સ્પષ્ટ કરી દીધું છે કે કોઈ સત્તાવાર ઉમેદવાર નથી અને કોઈ કોઈની તરફેણમાં નથી." તેમને મળ્યા બાદ શશી થરૂરે મીડિયાને કહ્યું કે, ગાંધી પરિવાર તેમને અને અન્ય ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેને ચૂંટણીમાં ટેકો આપી રહ્યો હતો. તે બંનેમાંથી કોઈ એક પ્રત્યે પક્ષપાતી વલણ અપનાવી રહ્યો નથી. તેમણે કહ્યું, 'ગાંધી પરિવાર મને અને ખડગે બંનેને તેમના આશીર્વાદ આપી રહ્યો છે. કારણ કે અમે કોંગ્રેસને મજબૂત કરવા માટે ચૂંટણી લડી રહ્યા છીએ.

## કેર્ચ બ્રિજ ઉપર હુમલો થતાં પુતિનનો ગુસ્સો સાતમા આસમાને રશિયાનાં મિસાઈલ હુમલામાં ૧૩નાં મોત

મોસ્કો તા. ૧૦

રશિયાને ક્રિમિયા સાથે જોડતા કેર્ચ બ્રિજ પર થયેલા હુમલાને કારણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો ગુસ્સો સાતમા આસમાને છે. રશિયન સૈનિકોએ રવિવારે યુક્રેનના દક્ષિણપૂર્વીય શહેર ઝાપોરિઝ્ઝયામાં એપાર્ટમેન્ટ બ્લોક્સ અને રહેણાંક વિસ્તારો ઉપર મિસાઈલો છોડી હતી, સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે. મળતી માહિતી મુજબ યુક્રેનમાં એર એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઝાપોરિઝ્ઝયામાં મિસાઈલ હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા છે અને લગભગ ૮૯ લોકો ઘાયલ થયા છે. ઝાપોરિઝ્ઝયા ઉપર રવિવારે થયેલો હુમલો છેલ્લા ત્રણ દિવસમાં આ પ્રકારનો બીજો હુમલો છે. રશિયન એરક્રાફટે ઓછામાં ઓછી ૧૨ મિસાઈલો છોડી હતી. આ દરમ્યાન ૯ માળના એપાર્ટમેન્ટને નિશાન બનાવવામાં આવ્યા હતા. હુમલામાં હાઈરાઈઝ એપાર્ટમેન્ટનો નાશ થયો હતો.

## ડોલર સામે રૂપિયો ધરાશયી : ૮૨.૬૮

નવી દિલ્હી, તા.૧૦: ડોલર સામે રૂપિયો સતત નબળો પડી રહ્યો છે. આજે પણ રૂપિયો સૌથી નીચા સ્તરે પહોંચી ગયો હતો. જે બાદ એક ડોલરની કિંમત ૮૨.૬૮ રૂપિયા થઈ ગઈ છે. આજે સવારે ડોલર સામે રૂપિયો ૩૮ પૈસા નબળો પડ્યો છે. ડોલર સામે રૂપિયો ઘટવાનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો (ભારતમાં બોન્ડ તરીકે ઓળખાય છે), ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો, અમેરિકી ફેડરલ વધુ વ્યાજ વધારશે એ હવાએ પણ રૂપિયો તુટયો હતો. આજે ૮૨.૬૮ ઉપર ખુલ્યો હતો જયારે ૮૨.૩૪ ઉપર બંધ થયો હતો. છેલ્લો ભાવ ૮૨.૩૯ છે.

## વિદેશ મંત્રી જયશંકરે પશ્ચિમી દેશોને આડે હાથ લીધા "ભારતને વર્ષો સુધી શસ્ત્રો આપવામાં આવ્યા હતા નહી"

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૦

ઓસ્ટ્રેલિયામાં એસ જયશંકર વિદેશ મંત્રી એસ જયશંકર ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. જયશંકરે રાજધાની કેનબેરામાં ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમ્યાન જયશકંરે પશ્ચિમી દેશો ઉપર નિશાન સાધ્યું હતું. કેનબેરા, ઓનલાઈન ડેસ્ક. વિદેશ મંત્રી એસ જયશંકરે ભારતીય સેના દ્વારા રશિયન હથિયારોના ઉપયોગનો બચાવ કર્યો હતો. ઓસ્ટ્રેલિયા પહોંચેલા જયશંકરે ભારતને હથિયારો નહી આપવા માટે અમેરિકા જેવા પશ્ચિમી દેશો ઉપર નિશાન સાધ્યું હતું. જયશંકરે આ મુદ્દે પશ્ચિમી દેશોને આડે હાથ લીધા હતા. તેમણે વધુમાં કહ્યું કે હથિયારોની યાદી અનેક કારણોસર વધી છે. પશ્ચિમી દેશો ભારતને દાયકાઓથી હથિયારો પૂરા પાડતા ન હતા. જયશંકરે કહ્યું કે, ભારતને હથિયાર આપવાને બદલે પશ્ચિમી દેશો પાકિસ્તાનની સૈન્ય સરમુખત્યારશાહી સરકારને શસ્ત્રો આપતા રહ્યા. આ જ કારણ છે કે ભારતે રશિયા પાસેથી હથિયાર લેવા પડ્યા.

## કોંગ્રેસની ભારત જોડો યાત્રાથી રાહુલ ગાંધીની છબિ કેટલી બદલાઈ ?

નવી દિલ્હી તા. ૧૦

કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો એક મહિનો થઈ ગયો છે ત્યારે રાહુલ ગાંધી તેમની છબી કેટલી બદલી શક્યા? તે અંગે ચર્ચા થઈ રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે "મને ખોટા અને અસત્ય રીતે બતાવવાના પ્રયાસમાં મીડિયામાં હજારો કરોડ રૂપિયા અને ઘણી શક્તિ ખર્ચવામાં આવી છે".

રાહુલ ગાંધીએ ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી મહત્વાકાંક્ષી ભારત જોડી યાત્રા શરૂ કરી હતી અને ૩૭૫૦ કિમી ચાલીને ૧૫૦ દિવસ પછી કાશ્મીર પહોંચશે. જેમ કે, ભારત જોડો યાત્રાનો ઘોષિત ઉદ્દેશ્ય 'ભાજપની વિભાજનકારી રાજનીતિને ભારતમાં પડકારવાનો' છે. પરંતુ વિશ્લેષકોનું માનવું છે કે તેની સાથે રાહુલ ગાંધીની ભૂમિ સાથે જોડાયેલા નેતાની છબી બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## યુક્રેન સામેનાં યુધ્ધમાં રશિયાનાં ૬૨ હજાર સૈનિકોનાં મૃત્યુ થયા હોવાનો અહેવાલ

નવી દિલ્હી તા. ૧૦

યુક્રેને એવો દાવો કર્યો છે કે, છેલ્લા સાત મહિનામાં રશિયાને અકલ્પનીય નુકસાન ઉઠાવવુ પડ્યુ છે. રશિયાના ૬૨૦૦૦ સૈનિકોના આ યુધ્ધમાં મોત થયા છે. યુક્રેને રશિયાને જે નુકસાન ઉઠાવવુ પડયુ છે તેના આંકડા જાહેર કર્યા છે. યુક્રેનનો દાવો છે કે, રશિયાના ૨૪૭૮ ટેન્ક વોરમાં તબાહ થયા છે. ૫૧૨૯ બખ્તરિયા વાહનો તેમજ ૧૪૬૩ તોપોને અમે યુધ્ધમાં નષ્ટ કરી છે. રશિયાના ૩૪૬ મલ્ટીપલ રોકેટ લોન્ચર, ૨૬૬ ફાઈટર જેટસ, ૨૩૫ હેલિકોપ્ટરો તથા ૧૦૯૧ ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. જોકે યુક્રેને પોતાની ખુવારી કે નુકસાનના આંકડા જાહેર નથી કર્યા.

## ભાજપનાં ઘણા નેતાઓ અને કાર્યકર્તાઓ અમને સમર્થન આપે છે : કેજરીવાલનાં નિવેદનથી ખળભળાટ

નવી દિલ્હી તા. ૧૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે દાવો કર્યો છે કે ગુજરાતમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીના ઘણા નેતાઓ અને કાર્યકરો આમ આદમી પાર્ટીને છૂપી રીતે સમર્થન આપે છે. ભાજપના આ નેતાઓ અને આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની હાર જોવા માંગે છે. ભાજપનું ૨૭ વર્ષનું ઘમંડ તોડવું પડશે.

ગુજરાતના આદિવાસી પ્રભાવિત વલસાડ જિલ્લામાં એક રેલીમાં, કેજરીવાલે કહ્યું કે ભાજપના ઘણા નેતાઓ અને કાર્યકરો મને મળે છે અને ગુપ્ત રીતે મને શાસક પક્ષને હરાવવા માટે કંઈક કરવાનું કહે છે. ગુજરાતમાં આગામી કેટલાક મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. કેજરીવાલે કહ્યું કે આપણે તેમના (ભાજપના) ૨૭ વર્ષના ઘમંડને તોડવો પડશે. હું જાણું છું કે તમારી પાસે તમારા વ્યવસાયો છે, જો તમે અમારી સાથે જોડાશો તો તેઓ તમારા વ્યવસાયને નુકસાન પહોંચાડશે. તમે ત્યાં જ રહો, પણ તેને હરાવવા માટે ગુપ્ત રીતે કામ કરો

કેજરીવાલે કહ્યું કે કોંગ્રેસના કાર્યકરોએ ડરવાની જરૂર નથી. તમારી પાર્ટી છોડી દો અને અમારી પાર્ટીમાં જોડાઓ. તમારી પાર્ટી ભૂલી જાઓ. તેમણે મતદારોને આગામી ચૂંટણીમાં 'રાક્ષસોનો સફાયો' કરવા આપ પાર્ટીને સમર્થન આપવા હાકલ કરી હતી. નવા ગુજરાત માટે સૌએ એક થવું જોઈએ. તેમણે કહ્યું કે પાર્ટીની પરવા ન કરો, ગુજરાત માટે કામ કરો, દેશ માટે કામ કરો. તમે એક નવા તોફાન, નવી રાજનીતિ, નવો પક્ષ, નવા ચહેરા, નવા વિચારો અને નવી સવારની શરૂઆત કરશો.

## ગોપાલ ઈટાલિયાએ વડાપ્રધાન માટે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો

નવી દિલ્હી તા. ૧૦ : ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વડા ગોપાલ ઈટાલિયાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ વડાપ્રધાન મોદી માટે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરતા જોવા મળી રહ્યા છે. ઈટાલિયા વિડીયોમાં પીએમ મોદીને 'નીચ પ્રકારના માણસ' કહેતા સાંભળવા મળે છે. જો કે આ વીડિયોની સત્યતાની પુષ્ટિ થઈ નથી. ઈટાલિયાના આ વીડિયોથી ભાજપમાં નારાજગી છે અને તેને મોટો મુદ્દો બનાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. આ પહેલા ૨૦૧૭માં ગુજરાત ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરે પીએમ મોદી વિશે આવી જ ટિપ્પણી કરી હતી, જેના ઉપર ભારે હોબાળો થયો હતો અને ઐય્યરે માફી માંગવી પડી હતી.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



વોકહાર્ટ હોસ્પિટલના ડોકટર આપના શહેરમાં

**ડો. પ્રિતિશ શાહ**

સ્થળ : આદિત્ય બિરલા હોસ્પિટલ, હનુમાન મંદિર પાસે, બજરંગ સોસાયટી, વેરાવળ.
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

સ્થળ : સતાસીયા સર્જીકલ હોસ્પિટલ, ચુનીક પ્લાઝા કોમ્પ્લેક્ષ, બીજો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ.
સમય : સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦



**ડો. વર્ષિત હાથી**

સ્થળ : આચાર્ય હોસ્પિટલ, ડૉ. ચગાલા ક્લિનિક, લીમડા ચોક, માંગરોળ.
સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦

સ્થળ : મારૂતી ડાયગ્નોસ્ટિક સેન્ટર, મારૂતી નંદન કોમપ્લેક્ષ, વૃંદાવન કોમપ્લેક્ષ પાછળ, કેશોદ.
સમય : બપોરે ૧૨:૩૦ થી ૦૨:૦૦

દર મહિનાના બીજા બુધવારે

કન્સલટેશન ફી ₹600/-
તારીખ ૧૨ ઓક્ટોબર ૨૦૨૨, બુધવાર

અપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૯૭ ૯૩૯૫૯

WOCKHARDT HOSPITALS | LiFE WiNS



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા..

ડો. સેતુલ કે. ડેડાણીયા
એમ.એસ. (ઓર્થો.)

ડો. ભાર્ગવી ડેડાણીયા
એમ.ડી. (એનેસ્થેસીયા)



**સામવેદ** ઓર્થોપેડીક હોસ્પીટલ

૩જો માળ, પેરી પ્લાઝા, અલ્કાપુરી સોસાયટી પાસે, સરદારબાગ, ઝાંઝરડા રોડ, રાણી સતી કોલોની, જૂનાગઢ. મો. ૭૦૪૬૪ ૪૪૮૪૮



Harshal Mataria    Mo. 99251 99048
99251 99002



**MAX**
Health & Beveragess
PACKED DRINKING WATER

મેકસ હેલ્થ એન્ડ બેવરેજી
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ



ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

**NIT® ટેકનીકલ કોલેજ**

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com


C M Y K

# ઓખા ખાતે ગાંધીનગરી વિસ્તારમાં શ્રીસતી માતા મંદિરે શરદ પૂનમ નિમિતે રાસોત્સવનું આયોજન થયેલ




(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૧૦

ઓખા ખાતે ગાંધીનગરી વિસ્તારમાં સતી માતા મંદિરે શરદ પૂનમ નિમિતે રાસોત્સવ રાખવામાં આવેલ હતો. દરેક બહેનોને ઈનામી કુપન આપવામાં આવેલ હતા અને છેલ્લે રાસ પૂરો થયા બાદ ઈનામી કુપનનો લક્કી ડ્રો થાય અને જે બહેનોને ઈનામ લાગે તેને માતાજીની પ્રસાદી રૂપે ઈનામ આપવામાં આવેલ હતું. આ મંદિર અંદાજીત ૭૫ વર્ષ જુનું પૌરાણિક મંદિર છે. જ્યાં આસો નવરાત્રી તેમજ ચૈત્રી નવરાત્રીના પ્રાચીન ગરબાનું પણ આયોજન કરવામાં આવે છે. અહીંયા બંને તહેવાર સિવાય ગણેશજીની પણ સ્થાપના કરવામાં આવે છે. આ મંદિર પ્રત્યે ગ્રામજનોની અતૂટ શ્રદ્ધા પણ જોડાયેલ છે. આ સમગ્ર કાર્યને સફળ બનાવવા સતી માતા મંદિર ગ્રુપ જહેમત ઉઠાવે છે.

# માંગરોળની ફિશિંગ બોટ ઉપર ફાયરિંગ મામલે પાકિસ્તાન નેવીના ૨૫ જવાનો સામે ફરિયાદ

## પાકિસ્તાન નેવીના PAMS બરકાતી ૧૦૬૦ શીપમાં રહેલા પાકિસ્તાન નેવીના ૨૦થી ૨૫ જવાનો સામે ફરિયાદ નોંધાઈ



(પ્રતિનિધિ દ્વારા)
માંગરોળ તા.૧૦

માંગરોળની ફિશિંગ બોટ ઉપર ફાયરિંગ મામલે પાકિસ્તાન નેવીના ૨૫ જવાનો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગત તારીખ ૬ ઓક્ટોબરના રોજ જખૌથી ૪૫ નોટિકલ માઈલ દૂર IMBL નજીક માંગરોળની ફિશિંગ બોટ ઉપર પાકિસ્તાન મરિન્સ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. અરબી સમુદ્રમાં IMBL નજીક માંગરોળની ફિશિંગ બોટ ઉપર ફાયરિંગ કરાયું હોવાની ઘટનામાં પાકિસ્તાન નેવીના PAMS બરકાતી ૧૦૬૦ શીપમાં રહેલા પાકિસ્તાન નેવીના ૨૦ થી ૨૫ જવાનો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. આ ઘટનામાં પાકિસ્તાન નેવીના જવાનોએ હરસિદ્ધિ નામની બોટ ઉપર ગોળીબાર કર્યો હતો અને બોટને ડુબાડી દીધી હતી. જે પછી ભારતીય માછીમારોને ગોંધી રાખીને પાકિસ્તાનના ૨૦-૨૫ જવાનોએ માર માર્યો હોવાનો ખુલાસો થયો છે. અગાઉ પણ પાકિસ્તાન મરિન્સ દ્વારા અનેકવાર ભારતીય માછીમારોનું અપહરણ કરવાની ઘટનાઓ બનેલી છે. જો કે, આ વખતે પાકિસ્તાન મરિન્સ દ્વારા માછીમારોની બોટ ઉપર ફાયરિંગ કરીને હદો વટાવી દેવામાં આવી છે.

## જૂનાગઢમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૬ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગોધાવાવની પાટી પાસેથી જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલા ૬ શખ્સોને રોકડ રૂ. ૧૫૧૫૦ સાથે ઝડપી લીધેલ છે.

## રાજકોટ : એક પાત્રીય અભિનયમાં પ્રથમ



(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ, તા.૧૦

શ્રી જીલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટ શહેર દ્વારા તા.૭ ઓકટોબર ૨૦૨૨ શુક્રવારના રોજ હેમુગઢવી નાટય ગૃહ ખાતે બાળ પ્રતિભા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સરસ્વતી સ્કુલીંગ સિસ્ટમની વિદ્યાર્થીની પઠાણ એલિનાબાનું એકપાત્રીય અભિનયમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું તથા પરીવારનું ગૌરવ વધાર્યું છે. સ્ક્રીપ્ટનું લેખન નાટયકાર નિર્લોક પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું તથા તેનું દિગ્દર્શન દર્પણ લાઠીગરાએ કર્યું હતું.

# દ્વારકાધીશના જગત મંદિરમાં શરદ પૂર્ણિમા મહોત્સવની થયેલ ઉજવણી




(રાકેશસામાણી દ્વારા)
દ્વારકા તા. ૧૦

પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશનાં જગત મંદિરમાં શરદપૂર્ણિમાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. શરદપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે જગત મંદિરમાં કાળિયા ઠાકુરને વિશેષ શૃંગાર પરીધાન કરવામાં આવેલ હતો. તેમજ શરદોત્સવ સાથેનો કાર્યક્રમ યોજાયેલ. ઠાકોરજીને સફેદ વસ્ત્રોમાં વિવિધ અલંકારો સાથેનો ભવ્ય શૃંગાર પુજારી મહેશ્વરભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ હતો. સાંજે મહાઆરતી અને ભગવાનનો મહાભોગમાં દૂધ-પૌઆનાં મહાપ્રસાદ ભાવિકોને આપવામાં આવેલ. રાત્રીનાં સમયે પુજારી પરીવાર તથા ભાવિકો દ્વારા ઓરકેસ્ટ્રાનાં સથવારે ઠાકોરજીનાં સ્વરૂપ સાથે રાસોત્સવની રંગત માણેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પુજારી પરીવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# જૂનાગઢમાં જીલ્લા માધ્યમિક સંઘની સામાન્ય સભા ગુરૂવારે મળશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ જીલ્લા માધ્યમિક શિક્ષક સંઘની સામાન્ય સભા આગામી તા. ૧૩ને ગુરૂવારનાં રોજ સાંજે ૫ કલાકે ડો. સુભાષ આર્ય કન્યા છાત્રાલય જૂનાગઢ ખાતે મળનાર છે. જેમાં ગત સભાનું પ્રોસેડીંગ વાંચી મંજુર કરવા અને શિક્ષકોનાં પડતર પ્રશ્નો હોય તે બાબત તેમજ નવા હોદેદારોની વરણી કરવા બાબતે પણ ચર્ચા થશે. અને એજન્ડામાં ૮ આઈટમ અંગે રજુઆત ચર્ચા વિચારણા હાથ ધરાશે. આ સભામાં કારોબારી સભ્યો, હોદેદારો અચુક હાજર રહેવા પ્રમુખ નિલેશભાઈ સોનારા અને મહામંત્રી અશ્વીનભાઈ ચાવડાએ યાદીમાં જણાવેલ છે.


## મેંદરડાનાં ઢેબરીયા પ્લોટમાં નવરાત્રી પર્વ ઉજવાયું



(પ્રતિનિધિ દ્વારા)
મેંદરડા, તા.૧૦

મેંદરડાના ઢેબરિયા પ્લોટમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ૧૦માં નાના ભુલકાઓ દ્વારા વિવિધ વેશભૂષા પહેરીને નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામા આવી હતી. (તસ્વીર : ધર્મેશ ખાચર)

# ગીર સોમનાથ જીલ્લા કલેક્ટરના હસ્તે પોલીસ ભવન ખાતે પોલીસ ક્રેડિટ સોસાયટીનું ઉદઘાટન કરાયું



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ પાટણ, તા.૧૦

સતત સમાજમાં લોકો વચ્ચે રહી સુરક્ષા અને શાંતિને બરકરાર રાખવા વાળા પોલીસ કર્મચારીઓના પરિવારોને જીવનમાં આવતી નાની મોટી આર્થિક મુશ્કેલીઓને દૂર કરવા માટે ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના સંવેદનશીલ માર્ગદર્શન હેઠળ પોલીસ ક્રેડિટ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલ અને જિલ્લા વિકાસ અધિકારી રવીન્દ્ર ખતાલેના શુભહસ્તે આ ક્રેડિટ સોસાયટીનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સાથે સાથે મહિલાઓ, શાળા કોલેજોમાં જતી બાળાઓ માટે સાયબર ક્રાઈમથી બચવા માટે માર્ગદર્શક "સાયબર સુરક્ષિત મહિલા" નામની પુસ્તિકાનું પણ આ તકે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢ રેલ્વેનાં નિવૃત્ત આઈઓડબલ્યુ મહેન્દ્રભાઈ જોષીનું અવસાન



### સુરતનાં વાલોડમાં પ્રાર્થનાસભા-બેસણું

જૂનાગઢ રેલ્વેમાં આઈઓડબલ્યુ તરીકે ફરજ બજાવી ખુબ લોકચાહના મેળવેલ એવા પ્રમાણીક અને નિષ્ઠાવાન અધિકારી મહેન્દ્રભાઈ ડી. જોષી (ઉ.વ. ૮૬) તે સ્વ. આશાબેનનાં પતિ, તિતિક્ષાબેન, ગીરાબેન જોષી (કોર્પોરેશન, જૂનાગઢ)નાં પિતા અને ડો. નિખીલ નાયક અને જૂનાગઢ અકિલાનાં પત્રકાર સ્વ. સુર્યકાન્તભાઈ જોષીનાં સસરાનું તા. ૮ને શનીવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું પ્રાર્થનાસભા તા. ૧૦ને સોમવારે સાંજે ૪ થી ૬ સુરતનાં વાલોડ ગામે રાખેલ છે.

## દાત્રાણા ખાતે દશેરા પર્વની થયેલ ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)
મેંદરડા, તા.૧૦

મેંદરડા ખાતે દાત્રાણા મુકામે શ્રી ગાત્રાળ ગરબી મંડળના યુવકો તથા સમસ્ત દાત્રાણા ગામ વતી દશેરા પર્વની ઉજવણીના ભાગરૂપે હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરવા શસ્ત્ર પુજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ગામના તમામ નાગરિકોએ ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સાળંગપુરધામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે દાદાને ડ્રાયફ્રુટનાં વાઘાનો શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૧૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે સોમવારે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ડ્રાયફ્રુટના વાઘાનો શણગાર કરવામાં આવેલ હતો. જેમાં દ્રાક્ષ, બદામ, એલચી, પીસ્તા વિગેરે ડ્રાયફ્રુટને આકર્ષક રીતે સજાવવામાં આવેલ હતા. ભક્તોએ ઓનલાઈન તથા પ્રત્યક્ષ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતીય અર્થવ્યવસ્થાના બે નવા આધાર

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર વિભિન્ન આર્થિક સંગઠનોના રિપોર્ટમાં કહેવાઈ રહ્યું છે કે, ભારતની નવી લોજિસ્ટિક નીતિ અને ગતિશક્તિ યોજનાને અપેક્ષિત રૂપે અંજામ આપવામાં આવ્યો તો આ બે એવા સ્તંભ સાબિત થશે જેના આધાર ઉપર ૨૧મી સદીની ભારતીય અર્થવ્યવસ્થા દુનિયામાં પોતાનો પરચમ લહેરાવતાં આગળ વધશે. તેની બુનિયાદ ઉપર દેશથી નિકાસ અને રોકાણ ઝડપથી વધશે, ઉદ્યોગ-કારોબાર અને કૃષિ ક્ષેત્રની તસ્વીર સુધારી શકાશે, મોંઘવારીમાં ઘટાડો અને રોજગારમાં વધારા સાથે વિકાસના નવા અધ્યાય લખી શકાશે. નવી લોજિસ્ટિક નીતિ દેશના ઊંચા લોજિસ્ટિક ખર્ચને ઓછો કરવામાં માઈલ સ્ટોન સાબિત થશે. તેનાથી માલ પરિવહનનો ખર્ચ ઘટશે અને બધા પ્રકારના ઉદ્યોગ-કારોબારને ઉત્તેજન મળશે. તે ભારતને વૈશ્વિક પૂરવઠા શ્રૃંખલામાં પ્રતિસ્પર્ધી બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવશે. સાથે જ મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયાને મજબૂતી પ્રદાન કરશે. તેનાથી વૈશ્વિક વેપારમાં ભારતની હિસ્સેદારી વધશે અને ભારત દુનિયાનું નવું મેન્યુફેક્ચરિંગ હબ બનવા તરફ આગળ વધશે. તેમાં કોઈ બેમત નહીં કે નવી લોજિસ્ટિક નીતિ પાછલા વર્ષે શરૂ થયેલ દેશની ગતિશક્તિ યોજનાની જ પૂરક છે. તેને નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન નામ પણ આપ્યું છે. ગતિશક્તિ યોજના લગભગ ૧૦૦ લાખ કરોડ રૂપિયાની મહત્ત્વાકાંક્ષી યોજના છે, જેનું લક્ષ્ય દેશમાં એકીકૃત રૂપે બુનિયાદી માળખાનો વિકાસ કરવાનું છે. વસ્તુત- દેશમાં સડક, રેલવે, જળમાર્ગ વગેરે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, તે અલગ-અલગ ૧૬ મંત્રાલયો અને વિભાગોને આધીન છે. તેમની વચ્ચે સહકાર અને સમન્વય વધારવો ગતિશક્તિ યોજનાનું મુખ્ય ફોકસ છે. ગતિશક્તિ યોજના અંતર્ગત લોજિસ્ટિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રૂપે ચિહ્નિત ભારતમાલા(રાજમાર્ગ), સાગરમાલા(તટીય નૌવહન), ઉડાન(વાયુસેવાઓ), ભારત નેટ(દૂરસંચાર સેવાઓ), રેલવે વિસ્તાર અને અંતર્દેશીય જળમાર્ગ વિસ્તાર જેવી મહત્ત્વપૂર્ણ યોજનાઓને સમન્વિત રૂપે આગળ વધારવામાં આવી રહી છે. આ સમયે કુલ વૈશ્વિક વ્યાપારમાં ભારતનો હિસ્સો બે ટકાથી પણ ઓછો છે. દેશમાં માલ પરિવહનનો ખર્ચ બહુ ઊંચો ૧૩-૧૪ ટકા છે. વિશ્વ બેંક અનુસાર ભારત લોજિસ્ટિક ખર્ચ મામલે દુનિયામાં બહુ પાછળ ૪૪માં સ્થાન ઉપર છે. એવામાં ભારતે એન્જિનિયરિંગ, ડિજિટલીકરણ અને બહુસાધન પરિવહન જેવાં ક્ષેત્રો ઉપર ફોકસ કરીને નવી લોજિસ્ટિક નીતિથી માલ વહન ક્ષમતામાં સુધાર તરફ ડગ માંડ્યાં છે. હવે દેશમાં સતત એકીકૃત અને ડિજિટલ લોજિસ્ટિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. સાથે જ લોજિસ્ટિક ક્ષેત્રે ડ્રોનનો મોટા પાયે ઉપયોગ થશે. નવી લોજિસ્ટિક નીતિનું લક્ષ્ય છે કે, આગામી ૧૦ વર્ષોમાં આ સેક્ટરના ખર્ચને ૧૦ ટકા સુધી લાવવામાં આવે. જોકે, હાલમાં લોજિસ્ટિકનું વધુ કામ સડકો દ્વારા થાય છે, હવે નવી નીતિ દ્વારા રેલવે ટ્રાન્સપોર્ટની સાથે સાથે શિપિંગ અને એર ટ્રાન્સપોર્ટ ઉપર ભાર મૂકવામાં આવશે. લગભગ ૫૦ ટકા કાર્ગોને રેલવે દ્વારા મોકલવામાં આવશે. તેનાથી સડકો ઉપર ટ્રાફિકને ઓછો કરી શકાશે. કાચા તેલની ખપત ઓછી થવાથી આયાતમાં ઘટાડો થશે. અંતે લોજિસ્ટિક્સના ખર્ચમાં ઘટાડો કરી શકાશે. સાથે માલ પરિવહનમાં લાગનારો સમય પણ ઓછો થશે. ખર્ચ ઓછો થવાથી કૃષિ ઉત્પાદનો સહિત દેશમાં બનેલા સામાનોની કિંમત ઘટશે, ત્યાં જ ભારત નવો નિકાસ પ્રતિસ્પર્ધી દેશ બનીને આગળ વધતો દેખાશે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતની ઉત્પાદન નિકાસ ૪૧૯.૬૫ અબજ ડોલરના ઐતિહાસિક સ્તર ઉપર પહોંચી હતી, હવે તે વધુ ઝડપથી વધશે. એટલું જ નહીં, ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણમાં ભારે વધારો થઈ શકશે. ભારતે ૨૦૨૧-૨૨માં ૮૩.૫૭ અબજ ડોલરનું રેકોર્ડ એફડીઆઈ પ્રાપ્ત કર્યું હતું. નિઃસંદેહ નવી લોજિસ્ટિક નીતિ અને ગતિશક્તિ યોજનાના સહારે ભારતમાં મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી શકશે. સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ચીન મેન્યુફેક્ચરિંગના વિભિન્ન આધારોને ધ્યાનમાં રાખતાં મોંઘું થઈ ગયું છે અને તેની વિશ્વસનીયતા પણ ઘટી છે. વિશ્વમાં ચીન વિરૂધ્ધ નકારાત્મક ધારણા બનવાથી ભારતને મેન્યુફેક્ચરિંગમાં આગળ વધવાનો નવો આધાર મળી રહ્યો છે. ચીનમાં કાર્યરત અમેરિકા સહિત વિભિન્ન યુરોપીય અને અન્ય દેશોની મોબાઈલ, ઈલેક્ટ્રોનિક, મેડિકલ ઉપકરણ, ટેક્સટાઈલ, સિંથેટિક, ફેબ્રિક્સ સહિત કેટલાય ક્ષેત્રોની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ તાઈવાન સાથે સ્થાપવા ચરમ સીમા ઉપર પહોંચેલી તનાતની અને સુસ્તી તથા ઝીરો કોવિડ નીતિને કારણે ત્યાંથી નીકળીને ભારતમાં આવવાની રણનીતિ બનાવી રહી છે. એટલું જ નહીં કેટલીય વૈશ્વિક કંપનીઓ સરમુખત્યાર દેશોમાં પોતાનો કારોબાર ઓછો કરીને ભારત જેવા લોકતાંત્રિક દેશ તરફ વળવાના સંકેત આપી રહી છે. નવી લોજિસ્ટિક નીતિ અને ગતિશક્તિ યોજનાથી ૨૧૫ અબજ ડોલર આકારનું હાલનું ભારતીય લોજિસ્ટિક બજાર ઝડપથી વધશે. આ સેક્ટરમાં આ સમયે દેશના લગભગ ૨.૨ કરોડથી વધુ લોકોને રોજગાર મળેલો છે. હવે નવી લોજિસ્ટિક નીતિ અને ગતિશક્તિ યોજનાના કારગત ક્રિયાન્વયનથી રોજગારની તકો ઝડપથી વધશે. આશા છે કે, નવી લોજિસ્ટિક નીતિ અને ગતિશક્તિ યોજનાના અમલથી ભારત ૨૦૩૦ સુધી ઓછા લોજિસ્ટિક ખર્ચ અને મજબૂત બુનિયાદી માળખાવાળા દુનિયાના ટોચના ૨૫ દેશોમાં પોતાનું સ્થાન બનાવી લેશે. એનાથી દેશમાં ઉદ્યોગ અને કારોબાર, નિકાસ અને રોકાણ તથા રોજગારની તકો વધવાથી દેશની અર્થવ્યવસ્થા તેજીથી આગળ વધશે. સરકારે રસ્તા, શિપીંગ, રેલ્વે, આંતરીક જળ માર્ગ, આંતરીક ઉડ્ડયન, હેલ્થ, બીએસએનએલ દુરસંચાર સેવાઓ પ્રશ્ને સર્વગ્રાહી ઝડપથી નીતિ અખ્ત્યાર કરવી. ભારતનાં તમામ બંદરો, મોટી નદીઓ એકબીજામાં ભેળવી ગ્રીડ કરી સર્વગ્રાહી નીતિ અખ્ત્યાર કરવી પડશે.

# ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીની રાજકીય પક્ષો દ્વારા તૈયારી : ત્રિપાંખિયો જંગ થશે




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનો તારીખો જાહેર થવામાં ૧૦ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથવાર જ ૧૮૨ બેઠકો ઉપર ત્રિપાંખિયો જંગ ખેલાવાનો છે. ચૂંટણીનાં ઈતિહાસમાં પ્રથવાર તમામે તમામ બેઠકો ઉપર રસાકસી જોવા મળશે. આપ પાર્ટીએ પોતાનાં ૪૧ ઉમેદવારો જાહેર કરી દીધા છે. ત્યારે કોંગ્રેસમાં કોને ટિકીટ આપવી, ભાજપમાં કોની ટિકીટ આપવી, ભાજપમાં કોની ટિકીટ કાપવી અને આપમાં કોણ કયા પક્ષમાંથી કપાશે તેનું મહામંથન શરૂ થયું છે. પાટીદારો અને ઓબીસી ભાજપનો ખેલ બગાડે તેવી ગોઠવણ વિરોધપક્ષો ઉમેદવારોમાં ગોઠવી રહ્યા છે. ચૂંટણી નવેમ્બરનાં અંતમાં અથવા ડીસેમ્બરનાં પ્રથમ પખવાડીયામાં યોજાય તેવી શકયતાઓ છે. આ વખતની ચૂંટણીમાં ત્રિપાંખિયો પણ મજબુત જંગ લડાશે. ભાજપ અને કોંગ્રેસ સાથે આમ આદમી પાર્ટી ૧૮૨ બેઠક ઉપર ઉમેદવારી નોંધાવીને ચૂંટણી લડશે. તે હવે નક્કી છે અને જોરદાર રીતે ફાઈટ પણ આપશે. પીએમ નરેન્દ્ર મોદીનું હોમ સ્ટેટ આમ આદમી પાર્ટી પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૧૧૭ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીને ૯૨ બેઠકો મળી હતી અને સ્પષ્ટ બહુમતી સાથેની સરકાર બનાવ્યા પછી ગુજરાતમાં તે બમણા જોશથી પ્રચાર કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હોમ સ્ટેટ હોવાથી અરવિંદ કેજરીવાલને ગુજરાત પ્રત્યે રાજકીય રીતે વધુ લગાવ છે અને તે જીતવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યા છે. કેજરીવાલ, મનિષ સિસોદીયા અને રાઘવ ચઙ્ઢાએ હાલ તો ગુજરાતમાં ધામા નાખી દીધા છે. કોંગ્રેસનાં ૧૪ ધારાસભ્યો ભાજપમાં જોડાય અત્યાર સુધીનાં ઈતિહાસમાં ગુજરાતમાં બે જ પક્ષ વચ્ચે જંગ ખેલાતો હતો. ભાજપ અને કોંગ્રેસ. ત્રોજો પક્ષ ગુજરાતમાં ફાવતો જ નથી અને ગુજરાતીઓ ત્રીજા પક્ષને મત આપતા નથી. છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી આવી છે અને ભાજપ રાજ કરી રહ્યો છે. સામે પક્ષે કોંગ્રેસ સતત તુટતો રહ્યો છે. ૨૦૧૨થી ૨૦૧૭ સુધીનાં પાંચ વર્ષનાં સમયગાળામાં કોંગ્રેસની ટિકીટ ઉપર ચૂંટાયેલા ૧૪ ધારાસભ્યો પાટલી બદલીને ભાજપમાં જોડાયા છે. એટલે કે, કોંગ્રેસમાં કોઈ મજબુત નેતાગીરીનો અભાવ જોવાઈ રહ્યો છે. આથી કોંગ્રેસ ખખડધજ જેવી સ્થિતિમાં આવી ગઈ છે. ૨૦૧૭માં રાજકીય પક્ષોની સ્થિતિ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૧૮૨ બેઠક ઉપર ચૂંટણી લડયો હતો અને તેમાંથી ૯૯ બેઠક જીત્યો હતો. કોંગ્રેસ ૧૭૭ બેઠક ઉપર ચૂંટણી લડયો અને ૭૭ બેઠક જીતી હતી. એનસીપી ૫૮ બેઠક ઉપર ચૂંટણી લડયો અને એક જ બેઠક ઉપર વિજય મળ્યો હતો. ભારતીય ટ્રાયબલ પાર્ટી ૬ બેઠક ઉપર ચૂંટણી લડયો અને ૨ બેઠક ઉપર જીત મળી હતી. ૭૯૪ ઉમેદવારો અપક્ષમાં ઉભા હતા તેમાંથી માત્ર ૩ ઉમેદવારો જીત્યા હતા. આમ આદમી પાર્ટી ૨૮ બેઠક ઉપર ચૂંટણી લડી હતી તેમાં એકપણ ઉમેદવાર જીત્યો ન હતો. ૨૦૧૨માં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ એવી જ રીતે ૨૦૧૨માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો ૧૧૫ બેઠક મળી હતી. કોંગ્રેસ ૬૧ બેઠક ઉપર જીતી હતી. એનસીપી તેની પરંપરાગત ૨ બેઠક ઉપર જીતી હતી. જેડીયુ ૧ બેઠક, જીપીપી ૨ બેઠક અને અપક્ષ ૧ બેઠક ઉપર જીતી હતી. આમ ૨૦૧૨માં પણ ભાજપ અને કોંગ્રેસનો સીધો જંગ હતો. ૨૦૦૨ અને ૨૦૦૭માં ભાજપ-કોંગ્રેસનું ચિત્ર ૨૦૦૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપ ૧૧૭ બેઠક ઉપર જીતી હતી અને કોંગ્રેસ ૫૯ બેઠક ઉપર જીતી હતી. ૨૦૦૨ની વાત કરીએ તો ભાજપને ૧૨૭ બેઠક મળી હતી અને કોંગ્રેસને ૫૧ બેઠક મળી હતી. ૧૯૯૦માં ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. આપનો જણાવી દઈએ કે, ૧૯૯૦માં વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. તેમાં શાસક પક્ષ કોંગ્રેસને ખૂબ મોટું નુકશાન થયું હતું. ૧૯૮૫માં કોંગ્રેસને ૧૪૯ બેઠક મળી હતી. જયારે ૧૯૯૦માં ચીમનભાઈ પટેલે જનતા દળ કર્યુ અને જેડીને ૭૦ બેઠક મળી, કોંગ્રેસને માત્ર ૩૩ બેઠક મળી અને ભાજપને ૬૭ બેઠક મળી હતી. જોકે, તે વખતનાં કારણો જુદા હતા પણ ચીમનભાઈ પટેલે નવો જ પક્ષ જનતા દળની રચના કરીનો કોંગ્રેસ સામે જ ચૂંટણી લડયા અને કોંગ્રેસનાં જ મત કાપીને ૭૦ બેઠક જીત્યા હતા. તે ચૂંટણીમાં ભાજપે પણ ૬૭ બેઠક જીતીને મેદાન માર્યુ હતું. ૨૦૨૨ની ચૂંટણી રસાકસીવાળી બનશે. ૧૯૬૨થી શરૂ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૨૨ની ચૂંટણી વધુ રસાકસી ભરી બનશે તે નિશ્ચિત છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ ત્રણેય પાર્ટીઓ વિધાનસભાની કુલ ૧૮૨ બેઠક ઉપર ઉમેદવારી કરશે. કોણ કોના મત કાપશે? તે જાણવું પણ રસપ્રદ બની રહેશે. તેમ છતાં આ ૨૦૨૨ની ચૂંટણીમાં ત્રિપાંખિયા જંગ ખેલાશે અને તેમાં કોણ બાજી મારશે ? તે જનતાનો મિજાજ બતાવશે. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને ૪૯.૯૭ ટકા મત મળ્યા હતા ત્યારે કોંગ્રેસને ૪૨.૨૧ ટકા મત મળ્યા હતા. આ રેશિયો વચ્ચે ઝાઝું અંતર નથી પણ આમ આદમી પાર્ટી ચૂંટણીમાં ઝંપલાવશે તો ભાજપ અને કોંગ્રેસ બંનેનાં મત કપાશે તે નક્કી છે. પણ ત્રિપાંખિયા જંગમાં કોને કેટલા મતથી વિજય મળે છે તે પણ વધુ મહત્વનું બની રહેશે. એટલે બીજા નંબરે કોંગ્રેસ છે અને જો આમ આદમી પાર્ટી આવે તો કોંગ્રેસને નુકશાન કરી જશે. માટે કોંગ્રેસને નુકશાન કરી જશે. માટે કોંગ્રેસ સજાગ રહેવાની જરૂર છે. હવે સવાલ એ છે કે, આપની વિચારધારાની અસર કયા વિસ્તારો ઉપર થઈ છે. જો જોવું પડે. જો ગ્રામ્ય વિસ્તાર આપની વિચારધારાથી આકર્ષાય તો ગ્રામ્ય વિસ્તારોમાં કોંગ્રેસને ખૂબ મોટું નુકશાન થઈ શકે છે. પણ જો આપની વિચારધારા શહેરીજનોને આકર્ષે તો ભાજપને નુકશાન થાય છે. એટલે બહુ સ્પષ્ટ છે કે, ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસને નુકશાન થાય અને શહેરી વિસ્તારમાં ભાજપનાં મત કપાય તે નિશ્ચિત કહી શકાય. આમ આદમી પાર્ટી જમીની પ્રચારમાં પાછળ છે. હરેશ ઝાલાએ વધુમાં ઉમેર્યુ કે, મતદાતા આપનો થાય છે કે નહી? મતદાતા આપનો થયો પણ તે મતદાન મથકે જાય ત્યાં સુધી તે આપનો રહેશે. એટલે કે, તે મત આમ આદમી પાર્ટીની ઝોળીમાં પડશે ? બીજી રસપ્રદ વાત એ છે કે, આમ આદમી પાર્ટી સોશ્યલ મીડિયામાં પ્રચાર માટે પ્રથમ નંબરે છે. ભાજપ પાછળ છે, હવે મહત્વની વાત એ છે કે, આમ આદમી પાર્ટી જમીની પ્રચારમાં પાછળ છે, જયારે ભાજપ ગ્રાઉન્ડ લેવલ પ્રચારમાં ખૂબ જ આગળ છે એટલે આ બે મોટો તફાવત છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ ખેલાવા જઈ રહ્યો છે. ૧૯૯૦માં શાસક પક્ષ કોંગ્રેસને ખૂબ મોટું નુકશાન થયું હતું પણ આ વખતે ૨૦૨૨માં ચિત્ર અલગ છે. આમ આદમી પાર્ટીનાં ચૂંટણી પ્રચારથી એમ લાગે છે કે, તે કોંગ્રેસને નુકશાન કરશે પણ મત વિભાજન થશે તો કોંગ્રેસનાં તો થશે જ પણ સાથે ભાજપનાં મત વિભાજન પણ જઈ શકવાની શકયતાઓ છે. ૧૭ ટકાથી વધુ વોટશેર થયો તો ભાજપને નુકશાન કરી શકે. કોંગ્રેસનાં કેટલાક ઉમેદવારો પોતાનાં જોરે ચૂંટણી જીતતા આવ્યા છે, ત્યાં ભાજપ નજર દોડાવી રહ્યું છે અને રણનીતિ બનાવી છે. ત્યાં આમ આદમી પાર્ટી શું કરશે તે સવાલ છે અને ત્રીજી વાત એ કે, ત્રણેય પક્ષનાં ઉમેદવારોનાં નામ જાહેર થઈ જાય પછી સ્પષ્ટપણે કહી શકાશે કે કોની કેટલી બેઠકો કપાશે અને કોને બહુમતી મળશે? હાલ આ બાબતે કયાશ કાઢવો મુશ્કેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે બીજાની વધુમાં વધુ સેવા બજાવે છે
તે જ વધારેમાં વધારે સુખી છે.

- બુકર ટી. વોશિંગ્ટન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.અર્દીબહેસ્ત-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, આસો વદ-૧ ઈષ્ટી, પંચક (સાંજે ૪:૦૨ ક.પછી સમાપ્ત) તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૨, સોમવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૧૩, રેવતી નક્ષત્ર, વ્યાઘાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૬:૩૦

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૪:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# આગામી વિધાનસભાની ચૂંટણી સાથે ગુજરાતના બજેટનું કાઉન્ટડાઉન શરૂ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૦

એકતરફ રાજકીય પક્ષો દ્વારા આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે બીજી તરફ સરકારના વહીવટી તંત્ર દ્વારા ૨૦૨૩-૨૪ના બજેટની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. નાણાં વિભાગે તમામ સરકારી વિભાગોને પરિપત્ર પાઠવીને ૨૦૨૩ ૨૪ના વર્ષના અંદાજ અને ચાલુ વર્ષના સુધારેલા અંદાજ મોકલવા સૂચના આપી છે. તે સાથે સરકાર માટે આવકની બાબત મહત્વની હોવાથી વિભાગો દ્વારા અપાયેલી લોન અંગેની બાકી વસૂલાતની રકમ, લોનની રકમ, વ્યાજના દરની માહિતી અને ૨૦૨૩ ૨૪માં બાકી વસૂલાત મળી શકશે કે કેમ તેનો અભિપ્રાય મોકલવા પણ ખાસ સૂચના અપાઈ છે. નાણાંવિભાગે આગામી નાણાંકીય વર્ષના બજેટ માટે વિભાગો પાસે ખર્ચના અંદાજો અને નવી બાબતોની વિગતો ૧૫ ઓક્ટોબરથી લઈને ૧૬ ડિસેમ્બર સુધી તબક્કાવાર ઓનલાઈન સિસ્ટમથી મોકલવા પરિપત્ર જારી કર્યો છે. માર્ગ-મકાન વિભાગ, નર્મદા અને પાણી પુરવઠા વિભાગને નવા કામોની દરખાસ્ત વખતે ખાનગી જમીન સંપાદન કરવાની થતી હોય તો તે અંગે કાર્યવાહી કરીને સંપાદન માટે ઉચ્ચક રકમની જોગવાઈ અલગથી દર્શાવવા જણાવ્યું છે. છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કોઈ ખર્ચ થયો ન હોય અને આગામી વર્ષે પણ કોઈ જોગવાઈ કરાઈ ન હોય તેવા કામ પડતા મૂકવા માટે અલગથી દરખાસ્ત કરવા સૂચના આપી છે. કેન્દ્રીય પુરસ્કૃત યોજના માટે પૂરતો ખર્ચ થવાનો ના હોય કે અપૂરતી સહાય મળી હોય તો તેનો ખર્ચ ઘટાડીને અંદાજ રજૂ કરવા પણ વિભાગોને જણાવાયું છે. વિભાગો દ્વારા કેન્દ્ર સરકાર સહાયિત યોજના માટે ફંડ વાપરવામાં આવે છે તેનું ખાતાના વડાએ ઓડિટ અને યુટિલાઈઝેશન સર્ટિફિકેટ કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયને મોકલવાનું હોય છે તે ન મોકલાતા કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના એકત્રિત નિધિમાં રકમ જમા કરાવાતી નથી. જેથી વર્ષો સુધી બાકી રકમ ખેંચાતી જાય છે. તે મુદ્દે નાણાં વિભાગે જે તે યોજનાના યુટીલાઈઝેશન સર્ટિફિકેટ ફરજીયાત ભારત સરકારને મોકલીને બાકીની રકમ કેન્દ્ર સરકાર પાસેથી મેળવવા માટેની કાર્યવાહી તાત્કાલિક કરવા માટે વિભાગોને તાકિદ કરી છે. અંદાજપત્રની દરખાસ્ત તૈયાર કરતી વખતે નાણાં વિભાગે વિભાગોને કેટલાક મુદ્દે ધ્યાન રાખવા તાકિદ કરી છે. તેમાં જે દરખાસ્ત કરવામાં આવે તેમાં આવર્તક જોગવાઈ એટલી મોટી નહીં કરવા પણ તાકિદ કરી છે જેથી સમય જતા તે રાજ્યની નિર્ધારીત જવાબદારી બની જાય અને તેમ થતા ભવિષ્યમાં નવી યોજનાઓ માટે અવકાશ ઘટી જાય.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૦-૧૦-૨૦૨૨ થી ૧૬-૧૦-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બનો. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અનો વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અનો આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ ઉપર કાબુ રાખવો. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. ધીરજના ફળ મીઠા જણાય. સ્વજનાથી સંવાદિતતા સર્જાય. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે. મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારૂ રહે. કોર્ટ-કચેરીનો લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ ઉપર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમ્યાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલ મળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નાવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ - શની**

આ સમય દરમ્યાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણાં માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમ્યાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

## ખેડૂતોનું કલ્યાણ એ જ રાજ્ય સરકારનો નિર્ધાર

# રાજ્યના ખેડૂતોના હિતમાં રૂા.૨૨૫ કરોડનું સહાય પેકેજ જાહેર કરતી રાજ્ય સરકાર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે લેવાયા મહત્વના નિર્ણયો



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

રાજ્યના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણી એ જણાવ્યું છે કે, ખેડૂતોનું કલ્યાણ એ જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી જનહિતલક્ષી સરકારનો નિર્ધાર છે. ખેડૂત કલ્યાણના મંત્રને વરેલી રાજ્ય સરકારે ખેડૂતના હિત માટે અનેકવિધ નિર્ણાયો કર્યા છે. કુદરતા આપદા હોય કે અન્ય આપત્તિકાળમાં જ્યારે જ્યારે પણ ખેડૂતોને નુકશાન થયું છે ત્યારે ત્યારે ખેડૂતોનું બાવડું પકડીને બેઠા કરવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારે કર્યું છે. ગાંધીનગર ખાતે આરોગ્ય અને જળ સંપતિ મંત્રી ઋષિકેશભાઈ પટેલ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયાને વિગતો આપતા કહ્યું હતું કે, ભારતીય કિસાન સંઘ દ્વારા જે રજૂઆતો કરાઈ હતી તે તમામ રજૂઆતોને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે અને આ પ્રશ્નોના સત્વરે નિરાકરણ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ કમિટીમાં ભારતીય સંઘના બે અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ સભ્ય તરીકે રહેશે. આ કમિટી રાજ્ય સરકારને રિપોર્ટ આપશે ત્યારબાદ ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય રાજ્ય સરકાર કરશે. ખેડૂતોના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકારે રૂપિયા ૨૨૫ કરોડનું સહાય પેકેજ જાહેર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ખેડૂતોની માંગણી મુજબ હાલમાં ૭.૫ હોર્સપાવરના કનેકશનનો ફિક્સ મીટર ચાર્જ રૂા.૨૦ લેખે વસૂલવામાં આવે છે, જેમાં ૫૦ ટકા ઘટાડો કરીને ૧૦ રૂપિયા ચાર્જ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી દર મહિનને ૧૫ લાખ ખેડૂત પરિવારોને સીધો લાભ થશે. આ માટે રાજ્ય સરકારને રૂા.૨૨૫ કરોડનો બોજો પડશે એમ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું. પ્રવક્તા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ખેડૂતોની અન્ય માંગણીઓ જેવી કે, દર બે મહિને બિલિંગ, સ્વૈચ્છિક લોડ વધારો વગેરેનો લાભ ખેડૂતોને મળશે. આ ઉપરાંત વીજ મીટર બળી જવાના કિસ્સામાં વીજકંપનીની જવાબદારી નક્કી કરાઈ છે. ચાલુ કનેકશનની સિક્યુરીટી ડિપોઝીટમાં રૂા.૩૦૦ના નજીવા ચાર્જ સાથે સીધી-આડી લીટીના વારસદારોને ટ્રાન્સફર કરી શકાશે. રાજ્યવ્યાપી કેટલાંક વિસ્તારોમાં ઓછા વોલ્ટેજની સમસ્યા ક્યારેક ઉદભવે છે તેનું સમાધાન કરવામાં આવશે. ૧૦૦ કિલોવોટથી વધુ લોડ ધરાવતા ખેડૂતોને ૨૦૦ કેવીનું ટીસી (ટ્રાન્સફોર્મર) ખેતીવાડીના ભાવે મંજૂર કરાશે. ખેડૂતોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબતે મંત્રીએ જણાવ્યું હતું કે, મટીરીયલની એકસાથે ઉદભવતી માંગના કિસ્સામાં સમયસર મટીરિયલ જે-તે વીજકંપની પાસે ઉપલબ્ધ હોય તેવી હાલની વ્યવસ્થા વધુ મજબૂત કરાશે. ઔદ્યોગિક એકમો અને ખેતીના વીજજોડાણોને એકબીજાના ભોગે અસર ન થાય તેવી સુચારૂ વ્યવસ્થા સુનિશ્ચિત કરાશે. ખાનગી કૃષિ યુનિવર્સિટીઓનું કડક રીતે દેખરેખ અને મૂલ્યાંકન કરવામાં આવશે. ડાર્ક ઝોનમાં આવતા ૩૬ તાલુકાઓમાં ડ્રીપ ઈરિગેશન માટે ખેડૂતોને ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે લાભ આપાશે, જે અન્વયે ૮૫ ટકા જેટલો જીએસટી સરકાર ભોગવશે. પશુપાલકોના હિતમાં તબેલાના કનેકશનમાં કોમર્શિયલ ભાવ ન ગણતા રાહત દરે વીજળી આપવા અંગેનો પ્રશ્ન કમિટિ સમક્ષ મૂકવામાં આવશે. ટ્રેક્ટર-ટ્રોલી જેવા કૃષિ સાધનો પરના ટેક્સમાં સુધારા અંગે વાહન વ્યવહાર તથા અન્ય સંબંધિત વિભાગો સાથે સરકાર મુક્તમને વિચારણા કરશે. મંત્રીએ ખેડૂતોના અન્ય પડતર પ્રશ્નો અંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯-૨૦ના પાક વીમા ચુકવણી અંગેનો મુદ્દે કોર્ટમાં ચાલી રહેલા કેસ અંગે સરકાર સકારાત્મક વિચારણા કરશે. તેમજ રિ-સરવે અંગેની ખેડૂતોની રજૂઆતો અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા કામગીરી હાલ પ્રગતિમાં છે. મંત્રીએ ભારતીય કિસાન સંઘ મારફતે ખેડૂતોની જૂની માંગણી બાબતે પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, મીટર, હોર્સપાવર, સમાન વીજદર જેવી ખેડૂતોની માંગણીના મુદ્દે રાજ્ય સરકાર ભારતીય કિસાન સંઘના બે હોદ્દેદારો તેમજ સરકારના વિવિધ વિભાગોના સચિવો સહિતની એક કમિટિ બનાવશે. આ અંગે કમિટિના અવલોકનો બાદ સરકાર હકારાત્મક અને ખેડૂતલક્ષી યોગ્ય નિર્ણયો કરશે. પ્રવક્તા મંત્રી ઉમેર્યું કે, ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્નો સંદર્ભે જે ધરણા ચાલી રહ્યાં હતાં તે સંદર્ભે ખેડૂત આગેવાનો સાથે અનેકવાર બેઠકો રાજ્ય સરકારે કરી છે અને પણ તેઓના આગેવાનો સાથે બેઠક કર્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ સહાય પેકેજ જાહેર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. ખેડૂતોના આગેવાનો દ્વારા પણ આ અંગે સંતોષ વ્યક્ત કરીને તેમના ધારણાનો કાર્યક્રમ મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે તેને મંત્રી એ આવકારીને તેમનો આભાર વ્યકત કર્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતનું સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્ય ગ્રામ' રાષ્ટ્રને સમર્પણ કર્યું

## વડાપ્રધાનના હસ્તે મહેસાણામાં રૂા.૩૦૯૨ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન : સૂર્યની જેમ વિકાસનો પ્રકાશ દેશભરમાં સર્વત્ર ફેલાય તે માટે સરકાર કટીબદ્ધ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહેસાણા ખાતેથી ભારતના સૌ પ્રથમ સતત સૌર ઊર્જાથી સંચાલિત મોઢેરા 'સૂર્ય ગ્રામ' રાષ્ટ્રને સમર્પણ કરતા જણાવ્યું કે, આ સૂર્ય ગામના સમર્પણ સાથે જ સમગ્ર ઉત્તર ગુજરાત વિકાસની નવી ઉર્જાનું કેન્દ્ર બન્યું છે. ભગવાન સૂર્યના ધામ મોઢેરામાં શરદ પૂર્ણિમા અને મહર્ષિ વાલ્મિકીની પૂર્ણ્યતિથીનો ત્રિ-વેણી સંગમ રચાયો છે. સૂર્યની જેમ વિકાસનો પ્રકાશ દેશભરમાં સર્વત્ર ફેલાય તે માટે સરકાર કટીબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનએ વધુમાં કહ્યું કે, આસ્થા અને ટેકનોલોજીનો સમન્વય થતા અનેક લોકોના સપના સાકાર થઈ રહ્યા છે. સાથે-સાથે સ્માર્ટ ગુજરાત - ભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યું છે. મોઢેરા 'સૂર્યગ્રામ' જાહેર થતા મોઢેરા સહિત સમગ્ર ઉત્તર ગુજરાત માટે આ અનેરો અવસર આવ્યો છે. સૂર્ય મંદિર માટે ઓળખાતું ગામ હવે 'સૂર્ય ગ્રામ' તરીકે પ્રખ્યાત બન્યું છે. તેમણે ઉમેર્યુ કે, વિશ્વના પર્યાવરણ ઈતિહાસમાં મોઢેરાનું નામ સૂવર્ણ અક્ષરે અંકિત થશે. મોઢેરા સૂર્ય મંદિરને ધ્વસ્ત કરવા આક્રાંતાઓએ અનેક પ્રયાસો કર્યા હતા, સંખ્યાબંધ અત્યાચાર થયા હતા. આજે પૌરાણિક મહત્વ સાથે વિશ્વ આખા માટે મોઢેરા મિશાલ બન્યું છે. વિશ્વમાં સૌર ઉર્જાની વાત થશે ત્યારે મોઢેરાનો ઉલ્લેખ અવશ્ય થશે. મોઢેરા ગામમાં બધુ જ સૂર્ય ઉર્જાથી ચાલતું થયું છે તે આપણા માટે ગૌરવની વાત છે. ૨૧મી સદીના આત્મનિર્ભર ભારત માટે આ વિશેષ ભેટ છે. આગામી પેઢીને સુરક્ષા મળે તે માટે દિવસ-રાત નિરંતર પ્રયાસ આપણે કરી રહ્યા છીએ. નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ યોજનાથી માત્ર વીજળી જ નહીં પરંતુ તેના વપરાશ બાદ પૈસા પણ મળશે. તેનાથી વિજબીલમાંથી છુટકારો અને નાણાં પણ મળશે. અત્યાર સુધી સરકાર વીજળી ઉત્પાદન કરતી અને લોકો ખરીદતા હતા, પણ હવે તેમાં બદલાવ આવ્યો છે. લોકો ઘરોમાં સોલાર પેનલ લગાવે, ખેડૂતો ખેતરમાં વીજળી ઉત્પન કરે અને સરકાર ખરીદે છે, આ પરિસ્થિતિના કારણે લોકોના જીવનમાં બદલાવ આવ્યો છે. હવે સરકાર લોકોને સોલાર ઉર્જા માટે સહાયરૂપ થાય છે. દેશમાં સૌર ઉર્જાથી ચાલતા પમ્પોનું ઉત્પાદન પણ વધ્યું છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મહેસાણા સહિત અનેક વિસ્તારોને વિજળી અને પાણી માટે વલખા મારવા પડતા હતા, એ કપરા દિવસો આપણે જોયા છે, આજની પેઢીને તેની જાણ નહીં હોય. પરંતુ હવે સમગ્ર ચિત્ર બદલાયું છે. આજની યુવા પેઢીને આ બદલાયેલી સ્થિતિનો સમુચિત ઉપયોગ કરવાનો અવસર પણ મળ્યો છે. ગુજરાતમાં છાશવારે હુલ્લડો થતા પણ આજે સમગ્ર સ્થિતિમાં હકારાત્મક બદલાવ આવ્યો છે. એક સમય હતો કે વિકાસના વિરોધનું વાતાવરણ હતું અને આજે ગુજરાત અને ભારત દેશ વિશ્વમાં પોતાની આગવી છાપ ઉપસાવી રહ્યા છે. પોતાને મળેલા જનસમર્થનનો ઉલ્લેખ કરતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મારા પંચામૃત વિકાસકામોને જનતાનું સમર્થન હંમેશા મળતું રહ્યું છે. પંચામૃત શક્તિના ધ્યેયને ગુજરાતીઓએ આવકાર્યો છે. વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થયના પંચશક્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રસ્તા, રેલ કનેક્ટિવિટી ઉપર એટલું જ ધ્યાન આપ્યું છે તેના ફળ આપણને મળ્યા છે. જ્યોતિ ગ્રામ યોજના અંતર્ગત એક હજાર દિવસમાં ગામે-ગામ વિજળી ઉપલબ્ધ કરી અને દેશમાં પણ યોજનાનો સફળતાપૂર્વક અમલ કર્યો એમ તેમણે ઉમેર્યું હતું. પાણી પ્રકૃતિનો પ્રસાદ હોવાનો ઉલ્લેખ કરી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સુઝલામ-સુફલામ કેનાલ નિર્માણ પામી અને અગાઉ વેડફાતું પાણી હવે ખેતરો સુધી પહોંચ્યુ છે. ઉત્તર ગુજરાતના વિસનગર-વડનગર, ખેરાલું જેવા વિસ્તારોમાં પાણીની સુવિધા પહોંચી અને તેના પગલે આર્થિકસમુદ્ધિ પણ વધી છે. વિજળી પાણીના પગલે પશુ-પાલન, ખેતી અને ઉદ્યોગ જેવા ક્ષેત્રો માટે પણ નવી દિશાઓ ખુલી છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સાયકલ બનાવવાના સાંસા હતા એ ગુજરાતમાં હવે ગાડીઓ બનવા માંડી છે. હવે એ દિવસો પણ દૂર નથી કે જ્યારે આપણે વિમાનો બનાવીશું. બહુચરાજી, મોઢેરા, ચાણસ્મા વિસ્તારમાં ફોરલેન રોડ બનાવવાના છે. એ જ રીતે તારંગા-અંબાજી રેલવે લાઈન પ્રોજેક્ટથી આ વિસ્તારની કાયાપલટ કરવી છે. નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વડનગરમાં મેડિકલ કોલેજ, રાજ્યના તમામ જિલ્લામાં સ્વાસ્થ્ય સુવિધા, પ્રધાનમંત્રી જૈનઔષધી કેન્દ્રો જેવી અનેક યોજનાઓ લોકો માટે ઉપયોગી છે. સમગ્ર ઉત્તર ગુજરાત વિસ્તારમાં અનેક પ્રવાસન સ્થળો છે તેનો હજી વધુ વિકાસ કરવો છે. આ સ્થળો ગુજરાત જ નહીં, સમગ્ર દેશ આખાનું આકર્ષણ બને તેવા વિકસાવવા છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં વિકાસનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. વડાપ્રધાનએ સુશાસનની એક એવી પરંપરા વિકસાવી છે કે, જેના ખાતમુહૂર્ત થાય તેના લોકાર્પણ પણ તેમના જ કાર્યકાળમાં થાય. પારદર્શી, સમયબદ્ધ અને પ્રજાના પૈસાનો પૂરેપૂરો સદુપયોગ કરી એક રૂપિયા સામે સવા રૂપિયાનું કામ ગુજરાતમાં વડાપ્રધાનના નેતૃત્વમાં થાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વિકાસની પહેલી શરત વીજળી અને પાણી છે. બે દાયકા પહેલા ગુજરાતમાં આવી પ્રાથમિક સુવિધાઓના પણ અભાવ હતો. પ્રજાની પીડા પારખીને એનું સમાધાન લાવનારા જૂજારૂ નેતા નરેન્દ્ર મોદીએ શાસનધૂરા સંભાળી રાજ્યમાં વિવિધ ક્ષેત્રે મોટા બદલાવની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, મોઢેરા ગામના દરેક ઘર ઉપર સોલાર રૂફટોપથી સૂર્ય ઉર્જા મળતી થઈ છે અને તે નેટ રીન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરનારું ગામ બન્યું છે. મોઢેરા ગામને ૨૪×૭ સોલાર એનર્જીથી ઉત્પન્ન વીજળી મળતી થઈ છે. સાથે-સાથે, ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર એવું મોઢેરા સૂર્યમંદિર પણ સોલાર એનર્જી લાઈટથી ઝળહળતું થયું છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, જે સમયે દેશમાં સોલાર એનર્જીની માત્ર વાતો થતી હતી ત્યારે વડાપ્રધાનએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે બનાસકાંઠાના ચારણકામાં એશિયાના વિશાળ સોલાર એનર્જી પાર્કની સ્થાપના કરી હતી, જે હવે વિશ્વ સમક્ષ એક દ્રષ્ટાંત બની ગઈ છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં કચ્છમાં ૩૦ હજાર મેગાવોટનો હાઈબ્રીડ એનર્જી પાર્ક સરકાર સ્થાપી રહી છે. ગુજરાતમાં પાછલા બે દાયકામાં રાજ્યની સ્થાપિત ઉર્જા ક્ષમતામાં ૩૧,૦૦૦ મેગા વોટનો વધારો થયો છે અને સોલાર એનર્જીની ઉત્પાદન ક્ષમતામાં ૭૧૮૦ મેગાવોટનો વધારો થયો છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં અમલી પાણી પુરવઠા યોજનાઓ સંદર્ભે કહ્યું કે, વડાપ્રધાનએ સુજલામ સુફલામ યોજનાઓના નેટવર્ક, નર્મદા આધારિત પાણી વિતરણની યોજનાઓ તેમજ બલ્ક પાઈપલાઈનથી ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડી ગુજરાતને પાણીદાર બનાવ્યું છે, તેનાથી રાજ્યમાં પાણીના સ્તર ઊંચા આવ્યા છે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું થયું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીએ પાણી, વીજળી, તાલીમબદ્ધ માનવબળ માટેની જરૂરી સુવિધાઓ વગેરેને પ્રોત્સાહનો આપી અને વાઈબ્રન્ટ સમિટની સફળ શ્રેણીઓ યોજીને ગુજરાતને એક ઔદ્યોગિક હબ બનાવ્યું છે. ભૂતકાળમાં ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ વાપીથી તાપી સુધી સીમિત હતો, બેચરાજી - મોઢેરા-હાંસલપુર-માંડલનો પટ્ટો સૂકો ભઠ્ઠ અને બાવળિયા વાળો હતો. આજે આખોય વિસ્તાર ઓટોમોબાઈલ હબ તરીકે જાણીતો બન્યો છે અને કેટલાય ઉદ્યોગો ઉત્તર ગુજરાતના યુવાનોને રોજગારી પણ પૂરી પાડે છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, ગુજરાતની જનતાને ડબલ એન્જિન સરકારને પરિણામે રેલ્વે,







ઓવરબ્રિજ, અંડરબ્રિજ, વિવિધ માર્ગોના વિસ્તૃતિકરણ, ગેજ કન્વર્ઝેશન અને પ્રવાસન ધામોના વિકાસ જેવા ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલોપમેન્ટના કામોનો મોટા પાયે લાભ મળી રહ્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ સુરજની જેમ જળહળી રહ્યો છે ત્યારે વડાપ્રધાનના નેતૃત્વમાં આપણે ગુજરાતની વિકાસ યાત્રા હજુ ખૂબ આગળ લઈ જવાની છે. આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતના નિર્માણથી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનું છે. મુખ્યમંત્રીએ ઉત્તમ ગુજરાતને સર્વોત્તમ ગુજરાત બનાવવાની નેમ સૌ ગુજરાતીઓ સાથે મળીને પાર પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનના હસ્તે મહેસાણા ખાતે રૂા.૫૧૧ કરોડના ખર્ચે સાબરમતી-જગુદણ ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ, રૂા.૩૩૫ કરોડના ખર્ચે ONGC-નંદાસણ સરફેસ ફેસિલિટીનું લોકાર્પણ, રૂપિયા ૧૦૮ કરોડના ખર્ચે સુજલામ સુફલામ સ્પેડિંગ કેનાલ(ખેરવા)થી શીંગોડા તળાવ(વિસનગર) સુધી પાણીના વાહન માટે પાઈપલાઈન પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂપિયા ૩૯.૮૩ કરોડના ખર્ચે ધરોઈ ડેમ આધારિત વડનગર ગ્રુપ- ખેરાલુ ગ્રુપ અને ધરોઈ ગ્રુપનો સુધારણ પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂપિયા ૨૬.૫૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય બેચરાજી-મોઢેરા-ચાણસ્મા માર્ગ પ્રોજેક્ટનું લોકાર્પણ, રૂા.૨૩.૫૦ કરોડના ખર્ચે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન પ્રાદેશિક છાત્રાવલયના નવી માકન બાંધકામનો પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ રૂા.૨૨ કરોડના ખર્ચે ઉંઝા-દાસજ-ઉપેરા-લાડોલના રસ્તા પહોળા કરવાના પ્રોજેક્ટનું લોકાર્પણ સંપન્ન થયું છે. જ્યારે રૂપિયા ૧૧૮૪.૩૪ કરોડના ખર્ચે ચારમાર્ગીય પાટણ-ગોઝારીયા માર્ગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા ૩૦૦ કરોડના ખર્ચે મહેસાણા દુધ સાગર ડેરી ખાતે પાઉડર પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત, રૂપિયા ૧૭૧ કરોડના ખર્ચે મહેસાણા સિવિવલ હોસ્પિટલનું પૂર્નઃ નિર્માણનું કામ, રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે મહેસાણા દુધસાગર ડેરી ખાતે યુએચટી મિલ્ક પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૧૪૩ કરોડના ખર્ચે ઓએનજીસી-નોર્થ કડી ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાનના હસ્તે કરવામાં આવ્યું હતું. આમ, કુલ મળીને મહેસાણાને રૂા.૩૦૯૨ કરોડના વિકાસકાર્યોની ભેટ મળી છે.

# શું કચ્છના અખાતમાંથી પકડાયેલ ડ્રગ્સની હેરાફેરીમાં પાક એમ.એસ.એ.ની ખુલ્લી સંડોવણી સાબિત થઈ છે ખરી ! : તપાસ માંગતો મુદો

## ડ્રગ્સની આ હેરાફેરીમાં પ્રથમ વખત પાક એમ.એસ.એ દ્વારા આપણી ફિશિંગ બોટ પર કરેલ ફાયરિંગની ઘટના ડ્રગ્સ પેન્ડલરોનું એસ્કોરટિંગ દર્શાવે છે? : શું પાક સાથે જળ સરદીય સરહદે જોડાયેલ રાજ્ય હોય ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર? : શું ગુજરાતના યુવાનોને ડ્રગ્સ-નશાકારક પીણાંના વ્યસની બનાવવાનું ષડયંત્ર તો નથીને? : શું આવનારી રાજ્ય વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં પંજાબ જેવુ થશે? કેન્દ્ર-રાજ્ય બંનેમાંથી કોણ જવાબદાર છે આ પરિસ્થિતિ માટે જવાબદાર તે હજુ સુધી નક્કી નથી થતું ?!

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખાતા. ૧૦

કચ્છના અખાતમાંથી ડ્રગ્સનો જથ્થો લઈ આવતી અને સલામતી પૂર્વક હેરાફેરી કરવા નિશ્ચિત લોકેશન સુધી પહોંચેલ પાકિસ્તાનની "અલ-સાકાર" નામની બોટ અને તેમાં રહેલા છ પાકિસ્તાની ખલાશીઓ ને એ.ટી.એસ.-કોસ્ટ ગાર્ડની બોટ દ્વારા પકડી પાડવામાં આવ્યા બાદ આ ઘટના પહેલા આ ઘટનાના એક દિવસ અગાઉ આઈ.બી.એલ. પાસે અહીથી માચ્છીમારી કરવા નીકળેલ માંગરોળની 'હરસિધ્ધિ-૫" બોટ ઉપર દિવસના સમયે પાક એમ.એસ.એ.ની બોટ ખુલ્લેઆમ ફાયરિંગ કરી બોટ સાથે પોતાની બોટ અથડાવવાની બનેલ ઘટના આ ડ્રગ્સની હેરાફેરીમાં તેમના ડ્રગ્સ પેન્ડલરોનું એસ્કોરટિંગ કરવામાં આવી રહ્યાનું તે નકારી શકતું નથી.

પ્રાપ્ત વિગતો મુજબ ગત તા. ૬.૧૦.૨૦૨૨ના સવારના સમયે અહીથી કચ્છના અખાતમાં મચ્છીમારી કરવા ગયેલ માંગરોળની "હરસિધ્ધિ-૫" નામની બોટ આઈ.બી.એલ પાસે માચ્છીમારી કરી રહેલ ત્યારે ઓચિંતી આવી પહોંચેલ પાક એમ.એસ.એસ. (પાકિસ્તાની મરીન સિક્યુરિટી એજન્સી)ની બોટ દ્વારા આ બોટનું અપહરણ કરવાનો પ્રયત્ન કરતાં બોટના ટંડેલ દ્વારા પરિસ્થિતિ સમજી જતાં પોતાના કીમતી માછલી પકડવાની જાળોને સંકેલી જાળોને છોડી ભાગવાનો પ્રયત્ન કરાતા પાક એમ.એસ.એ. દ્વારા આ બોટ ઉપર ખુલ્લેઆમ ગોળીબાર કરી તેમને ભાગતા અટકાવી તેમની બોટને આપણી માચ્છીમારી બોટ હરસિધ્ધિ સાથે જોરદાર રીતે અથડાવતા આ બોટમાં મોટું નુકશાન થવા સાથે પાણી ભરાવા લાગતાં બોટ ડૂબાવા લાગેલ ત્યારે બોટના ટંડેલ દ્વારા મદદ માટે નો મેસેજ જી.પી.એસ. સિસ્ટમ દ્વારા મદદનો પોકાર વહેતો કરતાં અને બોટ સમુદ્રમાં ડૂબવા લાગતાં બોટના સર્વે ખલાસીઓ જીવ બચાવવા સમુદ્રમાં કુદી પડેલ જે દરમ્યાન નજીકમાં પેટ્રોલિંગ કરી રહેલ ભારતીય કોસ્ટગાર્ડની બોટ આ સ્થળ ઉપર આવી સમુદ્રમાં જીવ બચાવવા તરતા ખલાસીઓને બચાવી અહી પહોંચાડેલ હોવાનું સરકારી રેકર્ડ ઉપર નોંધાયેલ છે. ત્યારે આજ ઘટનાના બીજા દિવસે એ.ટી.એસ.ને મળેલ ચોક્કસ માહિતીના આધારે કોસ્ટગાર્ડની બોટ આઈ.સી.જી.એસ.-૪૨૯ દ્વારા તેમને સાથે રાખી તા. ૭.૧૦.૨૦૨૨ના રોજ કરાયેલા કચ્છના અખાતના જખો પાસેના ચોક્કસ લોકેશન ઉપરના ઓપરેશન સ્થળ ઉપરથી રાત્રિના ૧૧ કલાકના સુમારે પાકિસ્તાની માચ્છીમારી બોટ અલ-સાકારને છ પાકિસ્તાની ખલાસીઓ સાથે શંકાસ્પદ હાલતમાં કોઈ ચોક્કસ આપણી બોટની રાહ જોતી પકડી પાડયા બાદ તેની તલાસી દરમ્યાન તેમાંથી હેરોઈન નામના ડ્રગ્સ ના એક-એક કિલોવજનના ૫૦ પેકેટ મળી આવેલ જેની આંતરરાષ્ટ્રીય બજાર કિમત ગણાતા રૂા. ૩૫૦ કરોડની કિમતનું આ ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યાનું પણ સરકારી રેકર્ડ ઉપર નોંધાયેલ છે. ત્યારે હવે ઉપરોકત બંને ઘટના આપણી માચ્છીમારી બોટ "હરસિધ્ધિ-૫" ઉપર તા. ૬.૧૦.૨૦૨૨ના રોજ પાક એમ.એસ.એ. દ્વારા ગોળીબારી અને બોટ સાથે પોતાની બોટ અથડાવી અકસ્માત કરી તેને સમુદ્રમાં ડૂબાડવાની ઘટના અને બીજા દિવસે ૭.૧૦.૨૦૨૨ ના રોજ પાકિસ્તાની માચ્છીમારી બોટ "અલ-સાકાર"ને અગાઉથી મળેલ માહિતી અન્વયે જખો પાસેથી રાત્રિના આંધકારમાં ચોક્કસ લોકેશન પાસેથી રૂા. ૩૫૦ કરોડના ડ્રગ્સ સાથે પકડાવવાની ઘટના શંકા દર્શાવે છે કે ઉપરોક્ત ડ્રગ્સની હેરાફેરી કરતી પાક બોટ 'અલ-સાકાર'ને ભારતીય જળ સરહદમાં ઘૂસાડવા માટે પાકની એમ.એસ.એ. આ બોટનું આઈ.બી.એલ. ઉપર ડ્રગ્સ પેન્ડલરોનું એસ્કોરટિંગ કરતી હોવાનું પણ નકારી શકાતું નથી. જે દરમ્યાન આપણી બોટ "હરસિધ્ધિ-૫' અડચણ રૂપ જણાતા તેમેને દૂર કરવાના બદલે તેનો અને તેના ખલાશીઓનો નાશ કરવા માટે જ તેમની બોટ સાથે અકસ્માત સર્જયાની શક્યતા પણ નકારી શકાતી નથી.


એ.ટી.એસ.-કોસ્ટગાર્ડ દ્વારા ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે અને ના પકડાયેલ આજ પ્રમાણેનું હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ ગુજરાત રાજ્યમાં પ્રવેશી ચૂક્યું છે અને તેમાંથી મોટાભાગનું અલગ-અલગ સ્વરૂપે નાશકારક પીણાં તરીકે પરિવર્તિત થઈ દેશ-રાજ્યના યુવાનો દ્વારા ઉપયોગમાં પણ લેવામાં આવ્યાની શક્યતા નકારી શકાતી નથી ત્યારે શું જળ સરદીય રસ્તે પાકિસ્તાન સાથે જોડાયેલ રાજ્યને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા દ્વારા કચ્છના અખાતને ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર પણ બનાવવામાં આવ્યાનું નકારી શકતું નથી. જ્યારે જો આ શક્યતાના બદલે હકીકત હોય તો રાજયના યુવાધનને ડ્રગ્સ-નાશકારક પીણાંના વ્યસની બનાવી તેમને નશાના અને પોતાના ગુલામ બનાવવાનું પણ કોઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાનું ષડયંત્ર હોવાની શક્યતા નકારી શકાતી નથી.

ત્યારે શું બે મહિના બાદ જ આવનારી રાજ્યની વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં પણ આ મુદો કોઈ રાજકીય સ્વરૂપ પકડે અને જેવી હાલત થોડા સમય પહેલા યોજાયેલ પંજાબની સામાન્ય ચુંટણી પહેલા રાજ્યમાં પ્રવર્તતી પરિસ્થિતિનું પરિણામ પરિવર્તન સાથે રાજ્યની નવી સામાન્ય ચુંટણીમાં થયેલ છે તેવું જ પરિવર્તન રાજયની આગામી સામાન્ય ચુંટણીમાં આવવાની શક્યતા પણ નાકારી શકાતી નથી. ત્યારે હવે જાગ્યા ત્યારથી સવારમાની ગુજરાત રાજયને બીજું પંજાબ થતું અટકાવવાની જવાબદારી પ્રજા અને સરકારી તંત્રે નિભાવવાની છે અને ભાવિ પેઢીને ડ્રગ્સના કારોબારથી મુક્ત કરી સ્વચ્છ હેલ્ધી સમાજનું નિર્માણ કરવાનું છે અને તેની જવાબદારી સર્વેની છે તે પણ સત્ય અને વિચારવા લાયક હકીકતો છે.

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર


GIDC
GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION




# આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે

## રાજ્યના પ્રથમ સર્વ-સુવિધાયુક્ત બલ્ક ડ્રગ પાર્કના નિર્માણ કાર્ય તથા વિવિધ ઔદ્યોગિક પાર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટના

## રૂ. ૮૨૦૦ કરોડથી વધુના વિવિધ કામોનું ભૂમિપૂજન, ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ સમારોહ



**સોમવાર, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૨**
**સવારે ૧૦:૦૦ વાગે,**
**રેવા સુગર, આમોદ, ભરૂચ**





### ખાતમુહૂર્ત

| | |
|---|---|
| **બલ્ક ડ્રગ પાર્ક (જંબુસર)**<br>બલ્ક ડ્રગના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા | ₹ ૨૫૦૬ કરોડ |
| **ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ** (દહેજ)<br>કેમીકલ એફ્લુઅન્ટના નિકાલ માટે સવિશેષ વ્યવસ્થા | ₹ ૫૫૮ કરોડ |
| **મલ્ટીલેવલ ઔદ્યોગિક શેડ** (અંકલેશ્વર અને પાનોલી)<br>વિકસિત વસાહતોમાં પ્લગ એન્ડ પ્લે પ્રકારના શેડ | ₹ 30 કરોડ |
| **અંકલેશ્વર એરપોર્ટ** (ફેઝ-૧) | ₹ ૧૦૦ કરોડ |



### ભૂમિપૂજન

રાજ્યમાં વિવિધ ઉદ્યોગોના સર્વાંગિક વિકાસ માટે નાના કદની વસાહતો

| | |
|---|---|
| **એગ્રો ફૂડ પાર્ક**<br>(મુડેઠા-બનાસકાંઠા) | ₹ ૭૦.૮૭ કરોડ |
| **૪ ટ્રાયબલ ઔદ્યોગિક પાર્ક**<br>(વાલીયા ભરૂચ, વનાર છોટાઉદેપુર,<br>ચાકલીયા-દાહોદ અને અમીરગઢ-બનાસકાંઠા) | ₹ ૧૨૭.૫૮ કરોડ |
| **સી-ફૂડ પાર્ક (કકવાડી-દાંતી, વલસાડ)** | ₹ ૮૯.૯૮ કરોડ |
| **એમ.એસ.એમ.ઈ. પાર્ક (ખાંડીવાવ-મહિસાગર)** | ₹ ૧૭૬.૯૪ કરોડ |

### લોકાર્પણ

| | |
|---|---|
| **કોસ્ટિક સોડા ઈન્ટીગ્રેટેડ વિથ પાવર પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૨૩૦૦ કરોડ |
| **ક્લોરોમિથેન પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૮૫૦ કરોડ |
| **કોસ્ટિક સોડા વિસ્તરણ પ્લાન્ટ** (જી.એ.સી.એલ.) | ₹ ૫૫૦ કરોડ |
| **હાઈડ્રેજીન હાઈડ્રેટ** (જી.એ.સી.એલ.) | ₹ ૪૦૫ કરોડ |
| **ભરૂચ ભૂગર્ભ ડ્રેનેજ અને STP**<br>(શહેરી વિકાસ વિભાગ) | ₹ ૧૧૭.૫૩ કરોડ |
| **ઉમલા અસા પાનેઠા રોડ**<br>(માર્ગ અને મકાન વિભાગ) | ₹ ૪૨ કરોડ |
| **IOCL દહેજ કોયાલી પાઈપલાઈન**<br>(કેન્દ્ર સરકાર) | ₹ ૩૧૫ કરોડ |

**આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત!**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (ગુજરાત સરકારનું ઉપક્રમ)**

